| **Contact No.** | : | **Balram Rathod - 7978744018** Rathodenterprises5@gmail.com j.p.tarpaulins525@gmail.com |
| **Contact No.** | : | **Bipin Rathor - 9937072354** Toolsco & Avni Mobile |



## Mayank Rathor

| | | |
|---|---|---|
| Date of Birth | : | 30-06-1998 |
| Birt Time | : | 4.00 am |
| Birth Place | : | Raipur |
| Height | : | 5Ft. 6 Inch. |
| Gotra | : | Gautam |
| Kuldevi | : | Shri Momay Chamunda Maa (Madhapar) |
| Qualification | : | B.Com. (Kolkata) MBA (NMIMS) |
| Currrently | : | Business with Vedanta Group |
| **Father** | : | **Shri Balram Jethabhai Rathod** |
| Father's Occp. | : | Business |
| **Mother** | : | **Smt. Babita Balram Rathod** |
| **Kaka** | : | **Shri Bipin Jethabhai Rathod** |
| **Kaki** | : | **Smt. Kavitaben Bipinbhai Rathod** |
| **Sister** | : | **Avni M. Chauhan** (Married, Baroda, At present Toronto Canada) **Manan Subhash Chauhan** - Vadodara |
| **Sister** | : | **Kritika Rathod** (Elder) Currently working in mumbai |
| **Grand Father** | : | **Late Jethabhai Karsan Rathod** Madhapar |
| **Grand Mother** | : | **Late Paniben Jethabhai Rathod** |
| **Mosad** | : | **Shri Vinodbhai Bhanjibhai Tank** Jharsuguda - 9778241110 |
| Address | : | Rathod Enterprises, Gujarati Colony, Jharsuguda, Odisha - 768202 |
| **Contact No.** | : | **Balram Rathod - 7978744018** Rathodenterprises5@gmail.com j.p.tarpaulins525@gmail.com |
| **Contact No.** | : | **Bipin Rathor - 9937072354** Toolsco & Avni Mobile |




## Ketan Parmar

Gotra : Rajbhadra
Mataji : Pithad Mataji (Hajapar)
D.O.B. : 21/09/1992 (05:05 pm)
Place of Birth : Madhapar
Home Town : Madhapar
Edu. Quali. : B.Com.
Hobbies : Listening Music, Travelling
Height : 5'9"
Weight : 60 Kg
Job Status : Own Bus, J.C.B. & Construction Material Suppliers
Job Description : Shri Maruttinandan Suppliers, Shri Hari Complex, Shop No. 12, Near Treetop Hotel, Navavas, Madhapar
**Father : Parmar Dhirajlal Keshavji**
**Mother : Parmar Ushaben Dhirajlal**
**Sister : Chauhan Nita Ajay** (Married) Kukma (Bhuj-Kutch)
**Parmar Mamta Dhirajlal**
Address : Aswariya Nagar, Navavas, Madhapar (Bhuj-Kutch)
**Mob. No. : 9033452438**
**9687282686**



## Sagar Chawda

Date of Birth : 8 May 1991
Birth Time : 8.25 am
Place of Birth : Vansda (Navsari)
Mangal : No
Devak/Gotra : Kashyap
Nadi : Madhya
Complexion : Average
Height : 5'7"
Weight : 73 Kg
Blood Group : B+
Education : Bachelor of Engineering (Mechanical)
Occupation : Job in ALSTOM Transport India Ltd. As a Material Planner
Hobbies : Trekking, Travelling, Cricket, Reading
**Father : Chandrakant Chawda (Retired)**
**Mother : Namrata Chawda (Housewife)**
Brother : Naitik Chawda (Service)
Kuldevi : Shree Chamunda Maa
Native Place : Chandhiya
**Contact No. : 9724380754 (Mother)**
**9409564742 (Self)**
Resi. Adrs. : B/84, Parsottamnagar, Opp. Avislar Soc., Harni Carasia Ring Road, Vadodara
Mosad : Vansda (Navsari)



## Khushal Jagdish Rathod
### Chartered Accountant

| | |
|---|---|
| Date of Birth | : 04.12.1997 |
| Birth Time | : 02:40 PM |
| Place | : Jalgaon (Maharashtra) |
| Height | : 5'7" |
| Blood Group | : AB+ |
| Kuldevi | : Shree Chamunda Maa (Khedoi) |
| Native Place | : Madhapar |
| Gotra | : Gautam |
| Education | : Chartered Accountant, M. Com. |
| Job | : Working as a Consultant in Ernst & Young LLP, Mumbai. |
| **Father** | : **Jagdish Manji Rathod** (Goldsmith & Gold Loan Appraiser) |
| **Mother** | : **Maya Jagdish Rathod** (Housewife) |
| **Elder Sister** | : **Chaitali Parth Chauhan** (Married), Bhuj – Kachchh **+91 94229 80985** |
| Address | : Plot No. 28, Shree Nagar, Mahabal, Jalgoan, Maharashtra 425001 **+91 – 94217 01920** |
| **Mosad** | : **Dilip Murji Parmar** G-2, Neeraj Apartment, D'Souza Wadi, Thane (W) – 400604 **+91 – 93240 47817** |



## Namrata Wegad (Sonu)

| | |
|---|---|
| **Father** | : **Hasmukhkumar Chandulal Wegad** (Cloth Business) |
| **Mother** | : **Smt. Vanita Wegad** (Housewife) |
| **Grand Father** | : **Lt. Chandulal Dharsibhai Wegad** |
| **Grand Mother** | : **Smt. Triveniben** |
| **Elder Sisters** | : **Varsha, Hema and Yogita** (All are married) |
| Date of Birth | : 25th June, 1999 |
| Birth Time | : 11.11 pm |
| Birth Place | : Kantabanji (Odisha) |
| Height | : 5'.01" |
| Gotra | : Atri |
| Mataji | : Khodiyar Maa and Chamunda Maa |
| Education | : Law Graduate (Completed) B.Com. (Honours with Distinction) |
| Other Curlm. | : Painting (Mandala Art) and Clay Art |
| **Mosad** | : **Nana : Shri Narayanlal Parmar** Bagbahara (Mahasamund - CG) |
| Address | : Hasmukhbhai Wegad Road No. 2, Daily Market Road, Po. Kantabanji - 767039 Dist. Bolangir (Odisha) |
| **Cont.No.** | : **8895249511, 6370241964** |
| **Kaka** | : **Ashokkumar Chadnulal (Advocate) 9437329862 Narendrakumar Chandulal (Business) 9439580182 Santoshkumar Chandulal (Business) 7683903881** |

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC INDIA
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O

MDRT®



Mitesh J. Khodiyar

*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

**घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।***

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho
Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham


# મંગળ પરિચય

## Ankit M. Chauhan



| | | |
|---|---|---|
| D.O.B. | : | 04.10.1995 |
| T.O.B. | : | 15:00 pm |
| P.O.B. | : | Robertsganj (UP) |
| Native Place | : | Devaliya |
| Kuldevi | : | Sh. Chamunda Maa Nagalpar |
| Gotra | : | Vatsa |
| Height | : | 5ft 11in |
| Education | : | B.Tech. (ECE) from VNIT, Nagpur (NIT College), Preparing for Civil Services Examination. |
| Job | : | Software Engineer at Allstate India Pvt. Ltd. Bangalore (Since 4-5 yrs.) |
| Father | : | Manohar Shamji Chauhan (Business) |
| Mother | : | Lt. Jyoti Manohar Chauhan |
| Grandfather | : | Lt. Shamji Leera Chauhan |
| Grandmother | : | Lt. Veera Shamji Chauhan |
| Brother (Eld.) | : | Manish Chauhan (Married) Pune |
| Brother (Eld.) | : | Ashish Chauhan (Married) Robertsganj |
| Sister (Ygr.) | : | Devanshi Chauhan (Student) Pune |
| Fai | : | Laxmi Ishwarlal Chauhan (Pune) 9503022025 |
| Res. Adrs. | : | Chauhan Katra, New Main Market, Sonbhadra (UP) 231216 (Varanasi Ghatak) |
| Contact | : | Father - 8090171920<br>Ekta Hitesh Chauhan (Bhabhi) 7991500150 |
| Extra Act. | : | Karyakarta in RSS (Social Work) |
| Philosophy | : | Married life & carrier growth can run parallelly |

# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૦૧/૦૧/૧૯૭૯

સ્વર્ગવાસ
તા. ૧૨/૦૫/૨૦૨૩

## સ્વ. જયેશ મણીલાલ રાઠોડ

(Rathod Auto Electric - Gandhidham)

**ગામ : નાગલપર, તા. અંજાર (કચ્છ)**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફૂલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| જયશ્રીબેન મણીલાલ માધવજીભાઈ રાઠોડ | (માતા–પિતા) |
| ગં.સ્વ. તન્વીબેન જયેશભાઈ રાઠોડ | (પત્ની) |
| વિધી, આધ્યા, આર્ય | (પુત્રી–પુત્ર) |
| ઉષાબેન કિશોરભાઈ રાઠોડ | (ભાભી–ભાઈ) |
| કુસુમબેન ભાવેશભાઈ ગોહિલ | (બહેન–બનેવી) |
| જયુલ, હિર (ભત્રીજા–ભત્રીજી) મિતુલ, ઓમ | (ભાણેજ) |

**તેમજ સમસ્ત રાઠોડ પરિવાર – નાગલપર**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. હીરાગૌરીબેન દયારામભાઈ ટાંક

**જન્મ તા. ૦૨–૧૨–૧૯૪૭ સ્વ. તા. ૦૪–૦૫–૨૦૨૩**

**મૂળ ગામ : ખંભરા, હાલ મુકામ : દુર્ગ (છત્તીસગઢ)**


આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શો અમારા માર્ગદર્શન હતા, આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ અમો જીવનભર ભૂલશું નહીં.
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| દયારામભાઈ હીરજીભાઈ ટાંક – દુર્ગ | પતિ | માધુરી–નરેન્દ્ર રતિલાલભાઈ ટાંક – ભોપાલ | ભત્રીજાવહુ–ભત્રીજા |
| ગં.સ્વ. ભાગીરથીબેન કાનજીભાઈ ટાંક – કોતમા | જેઠાણી | ગં.સ્વ. તારા નિતીનભાઈ ટાંક – દુર્ગ | ભત્રીજાવહુ |
| ગં.સ્વ. નિર્મલાબેન નરસીભાઈ ટાંક – દુર્ગ | જેઠાણી | કલા–મનોજ કાનજીભાઈ ટાંક – કોતમા | ભત્રીજાવહુ–ભત્રીજા |
| ગં.સ્વ. લીલાવંતીબેન દયારામભાઈ ચૌહાણ – શ્રીરામપુર | નણંદ | રશ્મિ–જગદીશ મુળજીભાઈ ચૌહાણ – ભિલાઈ | ભત્રીજી–જમાઈ |
| મમતા–ઉમંગ વેલજીભાઈ વરૂ – તુમસર | પુત્રી–જમાઈ | ભાવના–જસવંતલાલ પોપટભાઈ ચૌહાણ – કવર્ધા | ભત્રીજી–જમાઈ |
| સમતા–કમલ વલમજીભાઈ ચૌહાણ – નાગપુર | પુત્રી–જમાઈ | ધારા–ભાવેશ ઘનશ્યામભાઈ ચાવડા – રૂદ્રપુર | પૌત્રી–જમાઈ |
| નિર્મલા–પ્રવિણ અમરસીભાઈ ચાવડા – જબલપુર | ભાભી–ભાઈ | કિશુ–જયરામ નિતીનભાઈ ટાંક – દુર્ગ | પૌત્રવધુ–પૌત્ર |
| જયશ્રી–મુકેશ અમરસીભાઈ ચાવડા – જબલપુર | ભાભી–ભાઈ | અંજલી–કેતન મનોજ ટાંક – કુમ્હારી | પૌત્રવધુ–પૌત્ર |
| | | ખુશ્બુ–ભાવેશ મનોજભાઈ ટાંક – કુમ્હારી | પૌત્રવધુ–પૌત્ર |

રાજેશ કાનજીભાઈ ટાંક, રવિન્દ્ર કાનજીભાઈ ટાંક, મનન ઉમંગભાઈ વરૂ,
પલક કમલભાઈ ચૌહાણ, માહી કમલભાઈ ચૌહાણ, વિયાન ભાવેશભાઈ ચાવડા

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૦૧/૦૧/૧૯૩૨

સ્વર્ગવાસ
૨૪/૦૪/૨૦૨૪

## સ્વ. ભવાનજીભાઈ પરબતભાઈ રાઠોડ (ઉ.વ.૯૨)

**દેશમાં ગામ : કુકમા, હાલ મુકામ : વડોદરા (ગુજરાત)**

સાદગી અને ઉચ્ચ વિચારો જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, લોકસેવા જેની ભક્તિ હતી, પરિવાર જેનું મંદિર હતું, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહિં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

સ્વ. અમ્રતબેન ભવાનજીભાઈ રાઠોડ (ધર્મપત્ની)
સ્વ. વાલીબેન તથા સ્વ. પરબતભાઈ વાલજીભાઈ રાઠોડ (માતા-પિતા)
સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. રામજીભાઈ હરજીભાઈ પરમાર (સાસુ-સસરા)
સ્વ. મુક્તાબેન તથા ધરમશીભાઈ રાઠોડ (ભાઈ-ભાભી) તથા તેમનો સમસ્ત પરિવાર)
કિરણબેન તથા પ્રભુલાલભાઈ રાઠોડ (પુત્રવધુ-પુત્ર)
સ્વ. હંસાબેન (રંજનબેન) તથા સ્વ. કાંતિલાલભાઈ પરમાર (પુત્રી-જમાઈ)
તારાબેન તથા નારાયણભાઈ પરમાર (પુત્રી-જમાઈ) દર્શનાબેન તથા જગદીશભાઈ વરૂ (પુત્રી-જમાઈ)
પૂર્ણિમાબેન તથા જનાર્દનભાઈ રાઠોડ (પુત્રી-જમાઈ) ગીતાબેન તથા દિલીપભાઈ ચૌહાણ (પુત્રી-જમાઈ)
હસ્મિતાબેન તથા ડૉ. દેવેન્દ્રભાઈ પરમાર (પુત્રી-જમાઈ)
હિમાલીબેન તથા ડૉ. હર્ષ પ્રભુલાલ રાઠોડ (પૌત્રવધુ-પૌત્ર)
ટ્વિંકલ તથા નિદુલ પ્રભુલાલ રાઠોડ (પૌત્રવધુ-પૌત્ર)
નેહાન હર્ષ રાઠોડ (પ્રપૌત્ર), શિયા હર્ષ રાઠોડ (પ્રપૌત્રી)

**તથા સમસ્ત રાઠોડ પરિવાર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. નરશીભાઈ રામજીભાઈ ચાવડા**
સ્વ. તા. ૨૫-૦૫-૨૦૦૦, ગુરૂવાર
વૈશાખ વદ-૭



**સ્વ. જયાબેન નરશીભાઈ ચાવડા**
સ્વ. તા. ૦૧-૦૪-૨૦૧૩, સોમવાર
જેઠ વદ-૬



## સ્વ. અમૃતલાલ નરશીભાઈ ચાવડા

**જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૩, સ્વ. તા. ૨૦/૦૩/૨૦૨૪**
**મુળ ગામ : દેવળીયા, હાલ : અંજાર (કચ્છ)**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ॐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| પ્રીતિબેન અમૃતલાલ ચાવડા | (પત્ની) |
| સ્વ. જયાબેન નરશીભાઈ ચાવડા | (માતા) |
| સ્વ. નરશી રામજી ચાવડા | (પિતા) |
| રમીલાબેન રતિલાલ ચૌહાણ | (સાસુ) |
| રતિલાલ રામજી ચૌહાણ | (સસરા) |
| કિશોરભાઈ નરશીભાઈ ચાવડા | (ભાઈ) |
| મમતાબેન કિશોરભાઈ ચાવડા | (ભાભી) |
| કંચનબેન શાંતિલાલ જેઠવા | (બહેન) |
| દમયંતીબેન હરિરામભાઈ ટાંક | (બહેન) |
| હંસાબેન કનૈયાલાલ ચૌહાણ | (બહેન) |
| જ્યોતિકા યશવીનકુમાર રાઠોડ | (દીકરી) |
| દિપાલી દેવાંગકુમાર ચૌહાણ | (દીકરી) |
| કિશન અમૃતલાલ ચાવડા | (દીકરો) |
| વિધિ અમૃતલાલ ચાવડા | (દીકરી) |
| ધીર અમૃતલાલ ચાવડા | (દીકરો) |
| હેન્શી અમૃતલાલ ચાવડા | (દીકરી) |
| ટિસા અમૃતલાલ ચાવડા | (દીકરી) |
| મયુરીબેન ચેતનકુમાર જેઠવા | (ભત્રીજી) |
| સંગીતા કિશોર ભાઈ ચાવડા | (ભત્રીજી) |
| રાહુલ કિશોર ભાઈ ચાવડા | (ભત્રીજો) |

**સમસ્ત ચાવડા પરિવાર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. અમૃતલાલ ધનજીભાઈ ટાંક

**જન્મ તા. ૦૫/૦૮/૧૯૪૪, સ્વ. તા. ૦૭/૦૪/૨૦૨૪**
**ગામ : કુકમા, તા. ભુજ (કચ્છ)**

પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુસંસ્કારનું સિંચન કરનાર એવા પિતાશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ...

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં, તમારા સ્નેહ, વાત્સલ્ય તેમજ સંસ્કાર અને કુટુંબ પ્રત્યેનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ આપે એજ પ્રાર્થના...

ॐ શાંતિ... ॐ શાંતિ... ॐ શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

ગં.સ્વ. કાશીબેન અમૃતલાલ ટાંક - પત્ની
સ્વ. હરિકુંવરબેન (બચુફઈ) - બહેન
બિપીન અમૃતલાલ ટાંક - પુત્ર
અનિતાબેન બિપીનભાઇ ટાંક - પુત્રવધુ
સ્વ. અંજનાબેન ટાંક - પુત્રી
સુચિતા જીગર પરમાર - પૌત્રી-જમાઈ
કર્દમ બિપીનભાઇ ટાંક - પૌત્ર

**સમસ્ત પરિવારના જય સિયારામ**

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

।। ઓમ શાંતિઃ ।।

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



## બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**












આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



## શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

## શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

## માધવ સ્વીટ એન્ડ નમકીન




શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in


**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... વાર્ષિક પરિક્ષાઓ પુરી થઇ... વેકેશનના વિરામ બાદ વિદ્યાર્થી ભાઇ-બહેનો માટે શિક્ષણનો એક નવો અધ્યાય શરૂ થશે... સૌને શુભકામનાઓ ! મહાસભાના કાર્યકારી પ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી આ સમિતિના સન્માનનીય દાનદાતાશ્રી પણ છે અને સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને સહાયની પૂર્તતા કરવા ચિંતિત પણ છે. આ નાણાંકીય વર્ષના અંતે કુલ **૫૭ જેટલા છાત્રોને રૂા. ૫,૫૦,૦૦૦ જેટલી શિક્ષણ સહાયનું વિતરણ કરવામાં આવેલ છે.** જે આપણા સમાજના સમ્માનનિય શિક્ષણપ્રેમી દાનદાતાશ્રીઓની ઉદારતાને આભારી છે. આવા ઉદારદિલ દાતાશ્રીઓના સહયોગની નોંધ સમાજના વોટ્સએપ ગ્રુપો અને આ કોલમના માધ્યમથી સાભાર લેવામાં આવે છે. રૂા. ૫,૦૦૦/- તથા વધુ દાન આપનાર દાતાશ્રીઓની આ કોલમમાં ફોટા સાથે નોંધ લેવામાં આવી રહી છે.




દાન-દાતાશ્રીઓની આ યાદીમાં આપણે સાભાર નોંધ લઇએ... મૂળ ગામ રેહા, હાલે **કુકમા નિવાસી સૌ. ગીતાબેન તથા શ્રી જીતેશભાઇ દામજીભાઇ ચૌહાણના સુપુત્ર ડૉ. અમિત જીતેશભાઇ ચૌહાણ** એ નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ - અમદાવાદથી એમ.બી.બી.એસ.ની ડીગ્રી મેળવી આપણા સમાજને ગૌરવ અપાવેલ છે. સંસ્કારોનું સિંચન કરવાની સાથે ખુબજ મહેનત કરીને પોતાના દિકરાને ડૉક્ટર બનાવનાર આ નોકરીયાત દંપતિના સમર્પણની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ખુશીની આ ક્ષણોને સેવાના માધ્યમથી શેર કરતાં **તેમના તરફથી સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે રૂા. ૧૧,૦૦૦/–** નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. દીકરીને સી.એ. તથા દીકરાને ડૉક્ટર બનાવનાર આ દંપતિનો આ સમિતિ ખૂબ ખૂબ આભાર માને છે... ડૉ. અમિત ચૌહાણને તેમના ઉજ્વલ ભવિષ્ય માટે હાર્દિક શુભકામના પાઠવે છે.

દાન-દાતાશ્રીઓની યાદીમાં માસ એપ્રિલ-૨૪ના દાન પેટે પરમ આદરણીય સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીજી તરફથી રૂા. ૫૦૦૦ નું દાન સાભાર પ્રાપ્ત થયેલ છે. અન્ય પ્રતિ માસ દાનદાતાશ્રીઓ શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (રૂા. ૧૫૦૦/- પ્રતિમાસ), શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ (રૂા. ૧૦૦૦/- પ્રતિ માસ), શ્રી હેમંતભાઇ ચાવડા - રાયગઢ (રૂા. ૫૦૦/- પ્રતિ માસ), શ્રી વલમજીભાઇ વાઘેલા (રૂા. ૫૦૦/- પ્રતિ માસ), શ્રી નાનાલાલભાઇ હીરજીભાઇ સોલંકી - અંજાર (રૂા.૨૧૦૦૦/- પ્રતિ વર્ષ) તરફથી પણ નિયમિત રીતે દાન પ્રાપ્ત થયેલ છે. તમામ દાનદાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર... **સમાજના શિક્ષણ પ્રેમી દાનદાતાશ્રીઓને વિનંતી કે આ સમિતિને આપના આર્થિક સહયોગની જરૂરત હોઇ, સારા-માઠા પ્રસંગોની સ્મૃતિમાં આપના તરફથી યથાઘટિત દાન નોંધવવા વિનંતી છે. આભાર...**

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**


**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪


જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગર તરફ પ્રેરીત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૦૨૪ વર્ષનો ત્રીજો પ્રોજેક્ટ તા. ૧૮-૩-૨૦૨૪ના આંધ્રપ્રાદેશિકના વિજીયાનગર (વિશાખાપટ્ટનમ ઘટક)થી શ્રીમતી સોનલબેન વરૂ દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવેલ.



**શ્રીમતી સોનલબેન રાજેશભાઇ વરૂ**એ શ્રીમતી તારાબેન તથા સ્વ. કાંતિલાલભાઇ વરૂના પુત્રવધુ તથા શ્રીમતી કમલાબેન પુરૂષોત્તમભાઇ ચૌહાણ - જબલપુરના સુપુત્રી છે. બાલપણથી કલાપ્રતિ ખુબજ રૂચી હોવાના કારણે એમ.કોમ.ની ડીગ્રી સાથે ટેક્સટાઇલ ડીઝાઇનીંગનું કોર્સ કરેલું અને જાત-જાતની પેઇન્ટીંગ્સ બનાવી પોતાની આર્ટ એન્ડ ક્રાફ્ટની રૂચીને ઘણું આગળ લાવવા પ્રયત્નો કર્યા છે. લગ્ન પછી જેઠાણી મીનલબેન વરૂ સાથે મળી ૨૫ વર્ષથી સફળતાપૂર્વક 'કલાનિધિ' નામે આર્ટ-ક્રાફ્ટ-કુકીંગ ક્લાસીસ ચલાવી રહ્યા છે અને હવે ભત્રીજી નિધીબેન વરૂ પણ પુરો સહયોગ આપે છે. સાથે જ આર્ટ એસેમ્બલી ગ્રુપમાં એડમીન તરીકે સક્રીય રૂપે કાર્યરત છે. શ્રીમતી સોનલબેન વએ પહેલા સત્રમાં મહિલા ઉત્કર્ષ સમિતિના "Learn & Earn"ના રેસીન આર્ટ અને કેન્ડલ મેકીંગના સફળ પ્રોજેક્ટ કરેલા છે. જે બધાએ ખુબજ પસંદ કરી લાભ લીધો હતો. હવે આ સત્રનો ત્રીજો પ્રોજેક્ટ 'ટેક્સટાઇલ અને ફેબ્રીક પેન્ટીંગ' જેમાં એમને કપડા ઉપર અલગ-અલગ રીતે, વગર છાપે અને આસાનીથી કેવી રીતે પ્રીન્ટ કરી શકાય એ ખુબજ સરળ રીતે સમજાવ્યું હતું. જેમ કે સ્ક્રીન પ્રીન્ટ, બ્લોક પ્રીન્ટ, બાટીક પ્રીન્ટ, સ્પ્રે પ્રીન્ટ, ફ્રી હેન્ડ પ્રીન્ટ, ટાઇ એન્ડ ડાઇ.

આ સ્ક્રીન પ્રીન્ટના બારામાં પુરી જાણકારી આપી કે કેવી રીતે સ્ક્રીન તૈયાર કરવી, ક્યા કલર્સ ઉપયોગમાં લેવા. કેવી રીતે કપડામાં પ્રીન્ટ કરીએ બતાડી સ્ક્રીન પ્રીન્ટીંગના ફાયદા બતાવ્યા કે ડીઝાઇન છાપવી ના પડે, બ્રશની જરૂર નથી, હર વખત કલર બદલી શકાય છે, સ્ક્રીન તૈયાર કર્યા બાદ વરસો-વરસ ચાલે, રફ કપડા ઉપર પણ આસાનીથી કરી શકાય છે.

બાટીક પ્રીન્ટ અને ટાઇ એન્ડ ડાઇના બાબત પણ ખુબ સારી જાણકારી આપી અને સફળતાથી શીખવાડ્યું હતું. બ્લૉક અને સ્પ્રે પ્રિન્ટ પણ ખુબજ સરળતાથી શિખવાડ્યું હતું. સાથે કપડામાં વગર છાપે ફ્રી હેન્ડ પ્રીન્ટ કેવી રીતે કરી શકાય એ સુંદર ફુલ અને પત્તીની ડીઝાઇન તૈયાર કરી તુરંત જ સુંદર રીતે શિખવાડ્યું હતું. સોનલબેન બતાવેલ બધીજ આઇટમ્સ ખુબજ સુંદર-કલાત્મક અને મનમોહક હતી. લાઇવ વર્કશોપમાં બહોળી સંખ્યામાં બહેનોએ જોડાઇને ખુબજ સુંદર સાથે ખુબજ સારા-સારા કમેન્ટ્સ આપ્યા, પ્રોજેક્ટનો લાભ લીધો સોનલ બેન કહે છે.

''કપડામાં સુંદર પ્રિન્ટ કરવાથી બદલી જાય છે એનો રૂપ
ખુબ લાભકારી હતો આ પ્રોજેક્ટ શિખાવ્યા પ્રિટીંગના સ્વરૂપ
મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રોજેક્ટ બહેનોને ગમી રહ્યા છે ખુબ.''

રાષ્ટ્રીય મહાસભાના મહિલા ઉત્કર્ષ સમિતિના આ રાષ્ટ્રીય મંચથી "Learn & Earn" અંતર્ગત વિશેષ ઉપલબ્ધી ધરાવતી કોઇપણ ફીલ્ડમાં એક્સપર્ટ એવા બહેનો જરૂરથી અમારો સંપર્ક કરી આપણો પ્રોજેક્ટ આ મંચથી રજુ કરી શકો છો. રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી સોનલબેન જેવા વિવિધલક્ષી, કલામાં પારંગ, સૃજનશીલ, પ્રેમાળ, લાગણીશીલ અને રેસીન આર્ટ, કેન્ડલ મેકીંગ અને ટેક્સટાઇલ એન્ડ ફેબ્રીક પેન્ટીંગ જેવા સુંદર-સુંદર ખુબજ ઉપયોગી અને સફળ પ્રોજેક્ટ આપનાર કલાકાર બહેનને હૃદયથી સૅલ્યુટ... શબ્દસુમનોથી બિરદાવી અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. જય સમાજ...

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## રાઉરકેલા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટક તથા યુવા મંડળ દ્વારા સંયુક્ત હોળી મિલનનું તા ૨૬.૩.૨૪ આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં અખિલ ભારતીય મહાસભા ના સલાહકાર સભ્ય શ્રી ભૂપેન્દ્રભાઇ પરમાર, મહાસભા મંત્રી શ્રી કિશોરભાઈ ટાંક, પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક તેમજ ઘટક પ્રમુખ શ્રી નીતિન ભાઈ વરૂ, મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતિ અનિતા બેન ટાંક, મંત્રી શ્રીમતિ ભૂમિકાબેન ચાવડા, યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશ ભાઈ રાઠોડ દ્વારા દિપ પ્રાગટ્ય કરી હોળી રમવામાં આવી. મંચ સંચાલન દિપેશ ભાઈ રાઠોડ તથા કિશોરભાઈ ટાંક દ્વારા કરવામાં આવેલા. સંગીત સંધ્યા કાર્યક્રમમાં શ્રી દિનેશભાઈ પરમાર, શ્રી કિશોરભાઈ ટોક, શ્રી ભરતભાઈ ટાંક, શ્રીમતિ પ્રતિમાબેન પરમાર, શ્રીમતિ સોનલબેન પરમાર દ્વારા હોળી ના ગીતોની પ્રસ્તુતી રહી. ત્યાર બાદ અનિતા બેન ટાંક તેમજ ભૂમિકાબેન ચાવડા દ્વારા એક પ્રોગ્રામ આપવામાં આવેલ તથા મહિલા મંડળ દ્વારા એક ગ્રુપ પ્રોગ્રામ આપવામાં આવેલ, યુવા મંડળ દ્વારા મ્યુઝિકલ ચેયર રમાડવા માં આવેલ, કિશોર ભાઈ ટાંક દ્વારા એક પ્રોગ્રામ આપવામાં આવેલ. ત્યાર બાદ હાઉજી રમાડવા માં આવી પછી સૌએ અલ્પાહારનો સ્વાદ અને આનંદ માણ્યો. અલ્પાહાર શ્રી નીતિન ભાઈ માધવજી ભાઈ વરુ તરફથી રાખવામાં આવેલ હતું. પછી સૌ હરખભેર છુટા પડ્યા હતા.

## સંબલપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સંબલપુર ઘટકની સત્ર ૨૦૨૪-૨૦૨૬ની નવી કાર્યકારીણી ટીમનું ગઠન તા. ૦૭-૦૧-૨૦૨૪ના થયેલ બેઠકમાં કરવામાં આવી હતી. નવી કાર્યકારીણી ટીમમાં દરેક પ્રમુખશ્રી દ્વારા તેમની સહયોગી રૂપે નિમ્ન પદોમાં સર્વસંમતિથી નિર્વિરોધ ચયન કરવામાં આવેલ છે.

ઘટક : પ્રમુખ - શ્રી ઘનશ્યામભાઇ કરમશીભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ - શ્રી રાજેશભાઇ રમેશભાઇ પરમાર તથા શ્રી દિપકભાઇ જગદીશભાઇ રાઠોડ, મંત્રી - શ્રી રાજેશભાઇ રમણીકભાઇ પરમાર, સહમંત્રી - શ્રી આનંદભાઇ બ્રજકિશોરભાઇ ચાવડા, કોષાધ્યક્ષ - શ્રી વિનયભાઇ રતિલાલભાઇ ચૌહાણ.

મહિલા મંડળ : પ્રમુખ – શ્રીમતી દિશાબેન વિમલભાઇ વરૂ, ઉપપ્રમુખ – શ્રીમતી મીનલબેન રાજેશભાઇ પરમાર, મંત્રી – શ્રીમતી દિમીબેન હિતેશભાઇ ચૌહાણ, સહમંત્રી – શ્રીમતી કવિતાબેન દેવેન્દ્રભાઇ પરમાર, કોષાધ્યક્ષ – શ્રીમતી અનિતાબેન ભુપેન્દ્રભાઇ ચાવડા.

યુવા મંડળ : પ્રમુખ શ્રી યશરાજભાઇ અશોકભાઇ વેગડ, ઉપપ્રમુખ – શ્રી પરેશભાઇ અરવિંદભાઇ રાઠોડ, મંત્રી – શ્રી લોકેશભાઇ અરવિંદભાઇ ગોહિલ, સહમંત્રી – શ્રી નિખિલભાઇ હિતેશભાઇ રાઠોડ, કોષાધ્યક્ષ – શ્રી ભાવિકભાઇ રાજેશભાઇ ટાંક.

## આદિપુર ઘટક



આદિપુર ઘટકની સંયુક્ત મીટીંગ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ વિષે ચર્ચા-વિચારણા કરવા સમાજ ભવનમાં તા. ૧૭-૩-૨૪, રવિવારના સાંજે ૪.૦૦ કલાકે મળેલ હતી. દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના બાદ ઘટક મંત્રી શ્રી દિપકભાઇ છોટાલાલ રાઠોડે ગત સત્ર દરમિયાન કરવામાં આવેલ કામો વિષે જણાવ્યું હતું. ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકીએ સૌ ઉપસ્થિતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને આગામ નવા સત્ર માટે પણ પહેલા જેવો જ સાથ-સહકાર મળશે એવી આશા વ્યક્ત કરી હતી. સંયુક્ત મીટીંગમાં હાજર બધાએ પોત-પોતાના વિચારો રજુ કર્યા હતા અને નવા સત્ર માટે સભ્ય ફી, આજીવન સભ્ય ફી, આખા વર્ષ દરમ્યાન આવતા તમામ પ્રકારના સામાજીક, ધાર્મિક, રાષ્ટ્રીય કાર્યક્રમો યોજવાની ચર્ચા કરવામાં આવી હતી.તા. ૨૪-૩-૨૪, રવિવારના રોજ હાલિકા દહનનો કાર્યક્રમ આદિપુર સમાજ ભવનમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં સમાજબંધુઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ. હોલિકા ગોઠવણ-સજાવટ કરવામાં મહિલા મંડળની બહેનો અનિતાબેન ટાંક, નિશાબેન ચાવડા અને નેહાબેન રાઠોડનો સહકાર મળેલ.



તા. ૨૫-૩-૨૪, સોમવારના સવારે આદિપુર ઘટક સમાજ ભવનમાં ધુળેટી-રંગોત્સવ ઉજવવામાં આવ્યો. બહોળી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહેલ અને એકબીજાને રંગ ઉડાડી કાર્યક્રમને સફળતા અપાવેલ. અંતમાં બધાએ અલ્પાહાર લઇ છુટા પડેલ.


SEA FREIGHT SOLUTIONS
FREIGHT FORWARDER & CHA
Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

## હાજાપર ઘટક

હાજાપર ઘટકની કોરકમિટીની મીટીંગ શ્રી વલમજીભાઇ વાઘેલાના નિવાસ સ્થાને તા. ૭-૪-૨૪ના રોજે મળેલ હતી. એજન્ડા પ્રમાણે હાજાપર સમાજ ભવનની પ્રગતિ, ફંડ અને અન્ય જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઘટક મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમારે સમાજ ભવનની પ્રગતિ વિશે માહિતી આપેલ હતી. ખજાનચી શ્રી રાઘવજીભાઇ પમારે અત્યાર સુધી થયેલ સમાજ ભવનના ખર્ચ વિષે જાણકારી આપી હતી. વિશેષમાં જણાવ્યું કે, અત્યાર સુધી સમાજ ભવનમાં આપણે ૨૦ લાખ જેટલો ખર્ચ કરી ચૂક્યા છીએ. અને હજુ ૨૦-૨૨ લાખ રૂપિયા ફંડની જરૂરીયાત જણાય છે. કચ્છ અને કચ્છ બહારના હાજાપરવાસીઓ દ્વારા ફંડળ જરૂર મળે છે. સંપર્ક સેતુ દ્વારા વધુ ફંડ એકઠું કરવા આગ્રહ કરેલ હતો.

ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવે સમાજ ભવનની પ્રગતિ વિષે થોડી અડચણોની અને અન્ય મુશ્કેલી પ્રત્યે ધ્યાન દારેલ હતું. વધુમાં ઉમેર્યું હતું કે, સંપર્ક સેતુ હેઠળ ભારતવર્ષમાં વસતા હાજાપરવાસીઓનો સંપર્ક કરી સમાજ ભવન માટે ફંડ મેળવવાનો પ્રયાસ કરવો જોઇએ. શ્રી રણછોડભાઇ દેવશીભાઇ પરમારના પુત્ર વાસદા (નવસારી) સ્થિત રહેતા તેમના બંને પુત્રોએ મુકુંદભાઇ રણછોડભાઇ પરમાર અને કિશોરભાઇ રણછોડભાઇ પરમારે તેમના માતા-પિતાના સ્મરણાર્થે રૂા. ૫૧,૦૦૦ સમાજ ભવનના દાતાશ્રી બની ઋણ અદા કરેલ છે. તેવી જ રીતે પુના સ્થિત સુર્યકાંતભાઇ ગોપાલભાઇ પરમાર તથા અ.સૌ. પુષ્પાબેન પરમારના પારિવારીક એક ઋણ રૂપે ગં.સ્વ. બાલાગૌરીબેન ગોપાલભાઇ પરમાર - પંઢરપુરના સ્મરણાર્થે રૂા. ૫૧,૦૦૦ દાતાશ્રી બની આ ભવનને યોગદાન આપેલ છે. મહાસમુંદ સ્થિત રહેતા શ્રી મનસુખભાઇ હરિલાલ પરમારે રૂા. ૨૧,૦૦૦નું અનુદાન આપેલ છે. સમાજ ભવનના મુખ્ય દાતા શ્રી વલમજીભાઇ વાઘેલાએ સમાજભવનની કામગીરી માટે સંતોષ વ્યક્ત કર્યો હતો.

## રાંચી ઘટક

રાંચી ઘટક દ્વારા તા. ૨૪-૦૩-૨૦૨૪, રવિવારના દિવસે સ્થાનીય ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં હોલી મિલન સહ સમુહ ભોજન કાર્યક્રમ રાખવામાં આવેલ હતું. આ પ્રસંગે સમાજબંધુઓના હેલ્થચેકઅપની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકોને ગીફ્ટ અને ત્યાર બાદ રંગ-ગુલાલથી બધા રમ્યા હતા. ઘટકના સહમંત્રી શ્રી હિતેશ કેશવજીભાઇ ચૌહાણ દ્વારા ઘટકના નવ નિર્વાચીત પ્રતિનિધિ તથા મહિલા મંડળના પ્રતિનિધિનો પરિચય આપવામાં આવેલ.

ત્યાર બાદ રાત્રે ૧૦.૨૭ના સમયે વિધિપૂર્વક હોલિકા દહન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઇ વાઢેર અને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંગલાબેન કિશોરભાઇ રાઠોડ હાજર રહ્યા હતા. સારી સંખ્યામાં ઘટકના સભ્યો ઉપસ્થિત હતા અને ભોજન ગ્રહણ કરી કાર્યક્રમને સમાપન કરવામાં આવ્યો હતો.





## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**

''સંસ્કાર, સમર્પણ, સન્માન એજ નારીનું અભિમાન''

# નારી દર્પણ



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)

'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ, આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)

# અ.ભા. મહિલા મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ દ્વારા ''શિવ સ્વરાંજલિ'' સ્પર્ધાનું આયોજનનો અહેવાલ

આપણા સમાજના બહેનો ખુબજ ધાર્મિક, શ્રદ્ધાળુ અને ઉત્સવપ્રિય હોય છે. તેમાં પણ દેવાધીદેવ ભગવાન શિવની આરાધનાનો અવસર મળે તે ખુબજ આનંદની વાત છે. બહેનોની ધાર્મિક જાગરણ શક્તિને ઉજાગર કરવા અ.ભા. મહિલા મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ દ્વારા શિવ માનસ પૂજા ઉચ્ચારના ભાવ સાથે ''શિવ સ્વરાંજલિ'' સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રતિયોગીતાના પ્રાયોજક તરીકે દાતા શ્રીમતી ચંપાબેન અર્જુનભાઈ પરમાર-પરલીવૈજનાથ એ સેવા આપેલ હતી. સ્પર્ધાના આયોજનને સફળ બનાવવા આધ્યાત્મિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન ટાંક, મંત્રીશ્રીઓ શ્રીમતી જ્યોતિબેન પરમાર, શ્રીમતી નિર્મળાબેન ચાવડા, શ્રીમતી સવિતાબેન ચૌહાણ તથા શ્રીમતી અરૂણાબેન ચૌહાણે જહેમત લીધી હતી. સ્પર્ધામાં ભારતભરથી ૧૨૭ જેટલા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**પ્રાયોજકશ્રી**



શ્રીમતી ચંપાબેન અર્જુનભાઈ પરમાર-પરલીવૈજનાથ

**:: આયોજક - અખિલ ભારતીય મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ ::**



શ્રીમતિ વંદનાબેન ટાંક (બાલાઘાટ) - અધ્યક્ષશ્રી



શ્રીમતિ જ્યોતિબેન પરમાર (નિઝામબાદ) - મંત્રીશ્રી



શ્રીમતિ નિર્મળાબેન ચાવડા (અંજાર) - મંત્રીશ્રી



શ્રીમતિ સવિતાબેન ચૌહાણ (અંજાર) - મંત્રીશ્રી



શ્રીમતિ અરૂણાબેન ચૌહાણ (રાયગઢ) - મંત્રીશ્રી

અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણે પ્રાયોજક દાતા શ્રીમતી ચંપાબેન પરમારનો આભાર માનેલ હતો તથા આધ્યાત્મિક સમિતિની ટીમને બિરદાવી વિજેતા બહેનોને અભિનંદન આપેલ હતા. વિજેતા બહેનો : જયતિ ચૌહાણ - રાયગઢ (પ્રથમ), ઉર્મિલા રાઠોડ - આમગાંવ (દ્વિતીય), ખુશી મકવાણા - પુના (તૃતિય), દક્ષા ગોહિલ - કાગજનગર (ચતુર્થ), પલ્લવી રાઠોડ - ચાઈબાસા (પંચમ)

આશ્વાસન ઇનામો : સ્નેહલ રાઠોડ - લાતુર, કવિતા પરમાર - મુંબઈ, હિરલ પટેલ - અબુધાબી, દિપ્તી ચૌહાણ - સંબલપુર, જીગીશા રાઠોડ - અંઝાર, લાભિકા રાઠોડ - મુંબઈ, નેહા મકવાણા - શ્રીરામપુર, તનુજા ચાવડા - ગુલબર્ગા, ગ્રિષ્મા ટાંક - રાજનાંદગાંવ, અનિલા ચાવડા - કટક, રશ્મિ ચાવડા - અંજાર. સિનિયર સીટીઝન - છાયા સાવરીયા - રાયપુર, મંજુલા મકવાણા - શ્રીરામપુર, પુરૂષ પ્રતિભાગી : નુતેન્દ્ર રાઠોડ - છીંદવાડા, હિતેશ ચૌહાણ - વડોદરા.

- શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ - મહામંત્રી

સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબ્ટ્રિશન ટ્રીબ્યુનલ
પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ
રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ
શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ
શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

# અ.ભા. મહિલા મહામંડળ અંતર્ગત રસોઈની રંગત સમિતી એ શિખવ્યો માઈક્રોવેવ ઓવનનો ઉપયોગ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ ના અધ્યક્ષ શ્રીમતી ગીતાબેન ચૌહાણ - નાસિક રોડ અને મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ- ભુજ દ્વારા સમાજની મહિલાઓના ઉત્કર્ષ માટે વિવિધ સમિતિઓ અંતર્ગત એક ખૂબ જ ઉપયોગી એવી ''રસોઈ ની રંગત'' સમિતિની પણ રચના કરવામાં આવી. તેના અધ્યક્ષ તરીકે છેલ્લા ૨૦ વર્ષથી પણ વધુ કુકિંગ ક્ષેત્રે એક્સપર્ટ , મેન્ટર અને વિવિધ કુકિંગ ક્લાસ ચલાવતા રાજકોટના કુકીંગ એક્સપર્ટ એવા શ્રીમતી પ્રીતિબેન ચૌહાણના અધ્યક્ષસ્થાને આ સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિનો પ્રથમ પ્રોજેક્ટ તારીખ ૨૯ માર્ચ ૨૦૨૪ના રોજ ''માઇક્રોવેવની ઉપયોગીતા'' વિશે કુકિંગ એક્સપર્ટ શ્રીમતી પ્રીતિબેન ચૌહાણ રાજકોટ દ્વારા લેવામાં આવ્યો. આ પ્રોજેક્ટ અખિલ ભારતીય મહિલા મહા મંડળના ફેસબુકના પેજ પર લાઈવ કરવામાં આવેલો હતો. જેનો સમાજની બહેનો એ બહોળી સંખ્યામાં જોડાઈને લાભ લીધો હતો.

સર્વપ્રથમ પ્રીતિબેન દ્વારા માઈક્રોવેવ ઓવનના પ્રકાર તથા તેની કાર્યપદ્ધતિ વિશે સમજણ તથા જાણકારી આપવામાં આવેલ હતી. આજના જમાનામાં બહેનો ઘરકામ સાથે વ્યવસાયિક કાર્યોમાં પણ જોડાયેલી હોઇ કુકિંગ તેમના માટે એક મોટી ચેલેન્જ હોય છે. આ ચેલેન્જને સ્માર્ટ કુકિંગમાં કન્વર્ટ કરવા માટે માઇક્રોવેવ ઓવન ખૂબ જ ઉપયોગી છે અને માઇક્રોવેવ ઓવન દ્વારા હેલ્ધી કૂકિંગ પણ કરી શકાય છે તેની સમજણ આપી હતી. આમ માઈક્રોવેવનો જો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સમયની બચત તો થાય જ છે સાથે હેલ્ધી કૂકિંગ દ્વારા ખૂબ જ સરળતાથી રસોઈ કરી શકાય છે. તે તેઓએ ખૂબ જ સરળ ભાષામાં સમજાવેલ હતું.

આમ આજના આધુનિક યુગમાં વર્કિંગ વુમન માટે સમયની બચત પણ થાય છે અને સ્માર્ટ કુકિંગ પણ કરી શકાય છે તેની વિસ્તૃત જાણકારી આપી હતી. માઇક્રોવેવ ઓવનના ઉપયોગથી જે રસોઈ ગેસ પર કરતાં ઘણો સમય લાગે છે અને તેમની સામે ઊભા રહીને જ કાર્ય કરવું પડે છે તેવી આઈટમો માઈક્રોવેવ માં ખૂબ જ સરળતાથી ટૂંકા સમયમાં થઈ જાય છે. તેવી રેસીપી નું તેમણે લાઈવ ડેમોસ્ટ્રેશન પણ બતાવેલ હતું. જેમાં પ્રથમ આઈટમ પૂરણ પોડી નુ પૂરણ હતી, જે ગેસ પર બનાવતાં ખૂબ જ સમય લાગે છે પરંતુ માઈક્રોવેવમાં ફક્ત પાંચ થી સાત મિનિટમાં જ તૈયાર કરીને બતાવી હતી. ત્યારબાદ તેમણે એક હેલ્ધી કેક પણ લાઈવ બનાવી હતી કે જે સામાન્ય રીતે ઓટીજીમાં ૩૦ થી ૪૦ મિનિટ નો સમય લાગે છે તે પણ તેમણે ફક્ત પાંચ મિનિટના સમયગાળામાં લાઈવ બનાવીને બહેનોને શીખવાડી હતી. તે પછી તેઓએ કોકોનેટ કૂકીઝ પણ ખુબજ સરલતા થી બનાવતા તેમજ માઈક્રોવેવ નો ઉપયોગ કરી ઇન્સ્ટન્ટ સ્પીનચ ઈટલી શીખડાવી હતી. ત્યારબાદ ની આઈટમ ખાંડવી બનાવતા શીખડાવેલ હતી કે જેને પણ ગેસ પર કરવામાં ખાસ્સો સમય લાગે છે. અને ખૂબ જ ચીવટ રાખવી પડતી હોય છે જે માઇક્રોવેવમાં ખૂબ જ સરળતાથી બનાવીને બતાવેલ હતી. આમ માઈક્રોવેવ ઓવનનો ઉપયોગ ફક્ત રસોઈને ગરમ કરવાને બદલે કે પાપડ , પોપકોર્ન બનાવવા સિવાય જો યોગ્ય રીતે કરવામાં આવે તો રસોઈ બનાવવામાં ખૂબ જ ઉપયોગી વિકલ્પ પણ સાબિત થઈ શકે છે, અને સાથે સમય અને શક્તિની બચત તો થાય છે જ અને સાથે જ હેલ્ધી કૂકિંગ પણ કરી શકાય છે તેવું તેમણે સમજાવ્યું હતું.

આ લાઈવ કાર્યક્રમ માં ઘણા બધા લોકોએ પોતાના પ્રશ્નો પણ પૂછ્યા હતા જેમનો પ્રીતિબેન એ સંતોષકારક જવાબ આપેલ હતો. અને આશા પ્રગટ કરી હતી કે અખિલ ભારતીય મહિલા મંડળના આ પ્રયાસ થી મહિલાઓમાં રસોઈ પ્રત્યે રહેલ વિવિધ પ્રકારની રુચી હશે તેને બહાર લાવવામાં મદદ કરશે. અને રસોઈને લગતા બહેનોના કોઈ પણ પ્રશ્ન હોય તો તેઓએ પોતાનો સંપર્ક કરવા માટે પણ જણાવ્યું હતું. શ્રીમતી પ્રીતિબેન ચૌહાણ છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટની પ્રતિષ્ઠિત રાજકુમાર કોલેજમાં કુકિંગ એક્સપર્ટ તરીકે પોતાની સેવા આપે છે તથા તેઓ પોતે ૬૦ થી પણ વધુ વ્યંજનોના કુકિંગ ક્લાસ કે જેમાં ભારતીય અને વિદેશી કુઝીન પણ શીખડાવે છે. અંતમાં શ્રીમતી પ્રીતિબેન ચોહાણ દ્વારા અખિલ ભારતીય મહિલા મંડળના પ્રમુખશ્રી શ્રીમતી ગીતાબેન ચૌહાણ અને મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા આ અતિ ઉપયોગી સમિતિ બનાવવા બદલ આભાર પ્રગટ કરેલો હતો, તથા આ રસોઈની રંગત સમિતિના અધ્યક્ષ બનાવવાનો મોકો આપવા બદલ પણ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આમ એક ખુબજ અઘરો લાગતા વિષય ને ખુબજ સરળતા અને ઉમદા રીતે સમજાવ્યું હતું. શ્રીમતી પ્રીતિબેન ચૌહાણનો મોબાઈલ નંબર ૯૪૨૭૪ ૧૦૨૬૫ છે. સમાજની કોઈપણ બહેનો રસોઈની રંગત સમિતિ વિશે કોઈપણ માહિતી મેળવવી હોય કે પોતાનો કાર્યક્રમ આપવો હોય તો ઉપરોક્ત નંબર પર સંપર્ક કરી શકે છે.જય સમાજ...

રીટાબેન વિનોદભાઈ ચૌહાણ - મહામંત્રી

## ઉજ્જૈન મહિલા મંડળ



ઉજ્જૈન મહિલા મંડળ દ્વારા તા. ૧૭-૩-૨૪, રવિવારના મહિલા દિવસ ઉપલક્ષમાં એક કાર્યક્રમ શ્રીનાથ હોટલમાં રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમ મ.મંડળના પદાધિકારીઓ દ્વારા દીપ પ્રજ્વલિત કરી અને પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યાર બાદ મહિલા મંડળના બે બહેનો શ્રીમતી હંસાબેન રાઠોડ અને શ્રીમતી મીનાબેન ચાવડાનું મહિલા મંડળમાં આપેલા યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું. સન્માન પછી બધા બહેનોએ મહિલા દિવસના ઉપલક્ષમાં પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યાર બાદ રમતગમત પ્રતિયોગીતામાં ચેર રેસ, મ્યુઝીકલરીંગ, હાઉઝી રમવામાં આવ્યા હતા. આ બધી રમતો રમ્યા પછી એક કેક બનાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. જેમાં બધી બહેનાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ - શ્રીમતી અમિષાબેન ચાવડા, દ્વિતીય - શ્રીમતી નિકિતાબેન પરમાર, ચેયર રેસમાં પ્રથમ - શ્રીમતી દિપિકાબેન વેગડ અને દ્વિતીય શ્રીમતી કલ્પનાબેન ચૌહાણ, મ્યુઝીકલ રીંગમાં - પ્રથમ - શ્રીમતી વર્ષાબેન ટાંક અને દ્વિતીય - શ્રીમતી નયનાબેન ચાવડા વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમમાં ઉજ્જૈન ઘટકના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. એમની ઉપસ્થિતિમાં પ્રતિયોગીતમાં વિજેતઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઇ ચૌહાણ સૌ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા આયોજીત ભોજન સમારોહમાં બધા ઉપસ્થિતોએ ભોજનનો આનંદ માણ્યો હતો. અંતમાં મહિલા મંડળ કોષાધ્યક્ષ શ્રીમતી અરૂણાબેન ખુશાલભાઇ ચાવડા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને કાર્યક્રમ સમાપનની ઘોષણા કરવામાં આવી હતી.

## મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ)




મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા સુવર્ણ જયંતિ તથા મહિલા દિન નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન થયું હતું. મુંબઇ મહિલા મંડળની સ્થાપના ૧૯૭૪માં સમાજ માતૃશ્રી આદરણીય ભાનુબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪ એટલે મુંબઇ મહિલા મંડળ માટે સ્વર્ણિમ વર્ષ. ૧૯૭૪માં દાદરમાં ફક્ત આઠ-દસ બહેનોથી શરૂ થયેલ મહિલા મંડળ ધીરે ધીરે વિસ્તરતું, આજે વેસ્ટર્ન લાઇનમાં છેક દહાણુ અને ઉંમરગામ, હાર્બર લાઇનમાં નવી મુંબઇ પનવેલ સુધીની બહેનો




જોડાઇ, આજે કુલ ૯૦ થી ૯૫ બહેનોથી મુંબઇ મહિલા મંડળ એ વટવૃક્ષ સમાન બની ગયું છે. આની પાછળ મહિલા મંડળના ૧૬ પ્રમુખોનો અથાગ પ્રયત્નો હતા.

તા. ૨ માર્ચ-૨૦૨૪ના દિવસે બોરીવલી સ્થિત ગરજતો મરાઠી બેન્કવેટ હોલમાં મુંબઇ મહિલા મંડળનો સુવર્ણ જયંતિ

મહોત્સવ તથા મહિલા દિનની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમ માટે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, ઝોનલ પ્રમુખ શ્રીમતી ચેતનાબેન ચૌહાણ, પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી હસ્તિબેન ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રીમતી અરૂણાબેન ચૌહાણ, હોદ્દેદાર શ્રીમતી હીનાબેન ચાવડા તથા શ્રીમતી નિશાબેન જેઠવાને આમંત્રણ આપવામાં આવેલ. જે તેઓએ સહર્ષ સ્વીકારી, હાજરી આપી હતી. સાથે સાથે મુંબઇ ઘટકના ચેરમેન તથા સર્વ પૂર્વ પ્રમુખોને અને મુંબઇ ઘટક, યુવા મંડળ ટીમને આમંત્રણ આપેલ. મુંબઇ મહિલા મંડળના સર્વ પૂર્વ પ્રમુખોને પણ આમંત્રણ પાઠવવામાં આવેલ.

સર્વ આમંત્રીત મહેમાનોનું ભાવપૂર્ણ આદર સાથે સંભાળના રૂપે નાની ભેટ તથા બહેનોએ સ્વ હસ્તે બનાવેલ ફુલથી સન્માન કરવામાં આવ્યું હતું. મુંબઇ મહિલા મંડળની બહેનોએ અનેક સાંસ્કૃતિક નૃત્ય કરી બધાના દીલ જીતી લીધા હતા. સિનિયર સિટીઝન બહેનોની પ્રસ્તુતિ ખાસ નોંધ લેવા જેવી હતી. મુંબઇ ઘટકના પદાધિકારીઓએ પણ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા તેમની ટીમનું સ્વાગત કર્યું હતું તેમજ અ.ભા. મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે ઝોનલ પ્રમુખ, પ્રા. પ્રમુખ તથા મુંબઇ ઘટક પ્રમુખનું સન્માન કર્યું હતું. મહિલા મંડળની સભ્ય બહેનો આપણા કચ્છની પારંપરિક, બાટીક પ્રિન્ટની ચાદર, લ્હાણી રૂપે આપવામાં આવી હતી. આ કાર્યક્રમની સફળતા પાછળ મુંબઇ મહિલા મંડળની બહેનોનો અથાક પરિશ્રમ તો હતો જ સાથે સાથે મુંબઇ ઘટકના અનેક દાતાશ્રીઓનું પણ પીઠબળ હતું. અંતમાં સૌ પધારેલ મહેમાનોનો આભાર માની રાત્રીનું જમણ સાથે લીધું અને સૌ છુટા પડ્યા હતા.

## નાગપુર મહિલા મંડળ

તા. ૦૯-૦૪-૨૦૨૪ મહિલા મંડળ નાગપુરની નવી કાર્યકારીણી મંડળની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ - શ્રીમતી ગિતીકાબેન ચૌહાણ, ઉપપ્રમુખ - શ્રીમતી મીનાબેન ચાવડા, ઉપપ્રમુખ - શ્રીમતી હેમીબેન ચૌહાણ, મંત્રી - શ્રીમતી હંસાબેન રાઠોડ, મંત્રી - શ્રીમતી વંદનાબેન ચાવડા, સહમંત્રી - શ્રીમતી નોમિકાબેન ચૌહાણ, સહમંત્રી - શ્રીમતી હર્ષાબેન પરાચર, કોષાધ્યક્ષ - શ્રીમતી જીનલબેન ટાંક, કોષાધ્યક્ષ - શ્રીમતી રાધિકાબેન જેઠવા, સલાહકાર પ્રમુખ - ચંપાબેન પરમાર. નાગપુર ઘટકમાં ૧૦ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં વુમન્સ-ડે ઉપર મોટીવેશન રાખવામાં આવ્યું હતું. તે ઉપરાંત મીનાબેન યોગેશભાઇ ચાવડા તરફથી અલ્પાહાર રાખવામાં આવ્યું હતું. પછી હાઉસી ગેમનું આનંદ લીધું. તા. ૩૦ માર્ચના હેમીબેન નિખિલભાઇ ચૌહાણના નિવાસ સ્થાને હોલી મિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં નાગપુર મહિલા મંડળના નવા પ્રમુખ શ્રીમતી ગિતીકાબેન યોગેશભાઇ ચૌહાણનું સમ્માન શ્રીમતી ચંપાબેન ચંદ્રકાન્તભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ હોલી રમવામાં આવી હતી. બહેનાએ ખુબજ આનંદ માણ્યો હતો. સાથે સાથે વિવિધિ ગેમ્સ રમાડવામાં આવી હતી. જેમાં ગિતીકાબેન દ્વારા ગીફ્ટ આપવામાં આવી હતી. ત્યાર બાદ હેમીબેન જે મહિલા મંડળના ઉપપ્રમુખ છે તેમના દ્વારા અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.





## દુર્ગ મહિલા મંડળ






દુર્ગ મહિલા મંડળ દ્વારા તા. ૦૮-૦૩-૨૦૨૪ના દિવસે મહાશિવરાત્રી તથા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં બપોરે મહાકાલની પૂજા-આરતી તથા ભજન કરી બધા બહેનો ટીફીન લાવીને સમુહ ભોજન કર્યું. ત્યાર બાદ સાંજે મીટીંગ તથા કીટી રાખેલ હતી. જેમાં નવા સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે વરાયેલા પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડાએ પોતાની નવગઠીત ટીમના પદાધિકારીઓ, કાર્યકારીણી તથા સલાહકાર મંડળની ઘોષણા કરી. ત્યાર બાદ મહિલા દિવસના ઉપલક્ષમાં બહેનોએ પોતાના જીવનના સ્વર્ણિમ પળોની યાદો પ્રસ્તુત કરી તથા નારી સશક્તિકરણ તથા નારીમાં ઇશ્વરે આપેલા અમુલ્ય ગુણોને વ્યક્ત કરતા પોત-પોતાના વિચારો રજુ કર્યા. મહિલા મંડળ દ્વારા શ્રીમતી નિધિબેન દિનેશભાઇ ચૌહાણનું શાલ તથા શ્રીફળ આપી સન્માન કર્યું હતું. આ બહેને પોતાના પતિનું કોરોના કાળમાં મૃત્યુ થઇ ગયા બાદ સાહસ, લગન, મહેનત તથા ધૈર્યથી પોતાનો બિઝનેસ સુચારૂ રૂપે ચાલુ રાખી બાળક તથા વૃદ્ધ સાસુમાની જવાબદારી સંભાળી જીવનમાં આગળ વધી ખુશહાલ જીવન વિતાવે છે. ત્યાર બાદ બધા બહેનો હાઉઝી રમી સ્વલ્પાહારનો આનંદ લઇ સ્નેહભર્યા વાતાવરણમાં છુટા પડ્યા હતા.

## બિલાસપુર મહિલા મંડળ




